# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૫ | ૯ | ૧૪-૧૨-૨૦૧૧ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



**નિખિલ પરીખ (તંત્રી)**
**જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી**
**અમીત વ. પારેખ**
પત્રવ્યવહારનું સરનામું
**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨
❖❖❖
**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટર પ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
**ટે.**(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭
❖❖❖
**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬
❖❖❖
**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**visit us at www.balasinor.org**


# 'આત્મા'
## ભગવાનની કોમ્પ્યુટર ચીપ

**તંત્રી સ્થાનેથી**

માનવીનો જન્મ ક્યારે થયો ગણાય ? જો મૃત્યુ માટેની વ્યાખ્યા 'આત્મા દેહ છોડે ત્યારે' એમ હોય તો પછી આત્મા દેહમાં પ્રવેશે ત્યારે એને જન્મ કહી શકાય. આત્માનો દેહમાં પ્રવેશ ગર્ભાધાન વખતે થયો ગણાય કે બાળક માના પેટમાં પહેલી વાર ફરકે ત્યારનો ગણાય ? આમ મારા મત મુજબ આપણી જન્મ તારીખ જુદી જ ગણાય. ભલે આ પૃથ્વી ઉપર, બહારની દુનીયામાં આપણું આગમન માના પેટમાંથી બહાર આવ્યા પછીનું ગણાતું હોય, આપણા આત્માનું આપણા શરીર સાથેના મિલન જ આપણો જન્મ ગણાય. માનવ જીવન એટલે જન્મથી મૃત્યુ સુધીનો સમયગાળો અથવા કહીએ તો આત્મા અને દેહના મિલન અને જુદાઈ સુધીનો સમયગાળો ગણાય. આ માનવ જીવનમાં આત્મા અને શરીર બન્ને સરખાં જ મહત્વના ગણાય. બન્ને એકબીજા વગર અધુરા ગણાય અને માનવીના કે કોઈપણ જીવના અસ્તિત્વ માટે અનિવાર્ય ગણાય. પરંતુ આપણા અને બધાજ ધર્મના શાસ્ત્રમાં આત્માને શરીર કરતાં વધારે મહત્વ અપાયુ છે. કહે છે. આ દેહ ક્ષણિક છે. નશ્વર છે. ખોળિયું છે. હાડમાસનું માળખું માત્ર છે. વગેરે વગેરે... પણ શું આત્માનું અસ્તિત્વ દેહ વગર શક્ય છે ? અને આ શરીરની રચના બારીકાઈથી જોઈએ તો ઈશ્વર ઉપરનો ભરોસો ઓર વધી જાય. જે રીતે એણે આ પાવર હાઉસ બનાવ્યું છે. જેમાં ફક્ત અન્ન, જળ, નાખવાથી ઉર્જાને તાકાત પેદા થાય છે. આ હૃદય નામનો પમ્પ જે ચોવીસે કલાક થાક્યા વગર જીવનના અંત સુધી ચાલ્યાજ કરે છે. કીડની નામનો ફીલ્ટર પ્લાન્ટ, ફેફસાં નામના એર

ફિલ્ટર, આંખો નામના કેમેરા, કાન નામના રીસેપ્ટર, ગળાને જીભ નામના સ્પીકર, મગજ નામનું કામ્પ્યુટર, ત્વચા નામના સેન્ટર અને આ બધાનું એકમેક સાથેનું સંકલન. આ બધુજ અદભુત છે. કોઈ પણ પ્રકારનો કે કોઈ પણ રંગને ખોરાક ખાઈએ લોહી લાલ જ થાય. રાતની ઉંઘ દરમ્યાન મગજને આંખોના શટર ભલે ડાઉન થઈ જાય બાકીની બીજી બધીજ પ્રક્રિયાઓ સતત ચાલતી જ રહે. આત્મા પણ ત્યારે કદાચ સુઈ જતો હશે પણ શરીર સતત કાર્યરત રહે છે. તો પછી ફક્ત આત્માની જ વાતો કેમ ? શરીરની અવગણના કેમ ? 'શરીરને કષ્ટ આપો' ઈન્દ્રીયોને વશમાં રાખો, ઉપવાસ કરો, જાગરણ કરો, અંગારા ઉપર ચાલો, શરીરમાંથી સળિયા પસાર કરો, હઠયોગ દ્વારા શરીર ઉપર દમન કરો, આ ના ખાવ ને પેલું ના ખાવ. હા! શરીરના ભલા માટે કે એના સ્વાસ્થ્ય માટે ખાવા પીવાની પરેજી પાળવાની હોય તો એ અલગ વાત છે. પરંતુ આત્માની શુદ્ધિ માટે શરીરને અપવાસ કરાવવો કે દુઃખ આપવું એ શરીર ઉપર કારણ વગરનો જુલ્મ છે. જો કે શરીરને કે જીભ ને ગમતું વધુ પડતું ખાવું પીવું, પછી એ ખાવાનું હોય કે દારૂ એનો અતિરેક પણ શરીર ઉપરનો જુલ્મજ છે. કોક કહેશે કસરત કરવી કે સવારે વહેલા ઉઠીને જોગીંક ઉપર જવું પણ શરીરને કષ્ટ આપવું જ કહેવાય ને ? પણ આબધું જ કષ્ટ કે કંટ્રોલ એ શરીરના સ્વાસ્થય માટે અપાતું હોય તો બરાબર છે પણ આત્માના સારા માટે કે એની શુદ્ધિ માટેના શરીરને અપાતાં દરેક કષ્ટનો હું વિરોધ કરું છું. ઘણા લોકો આત્માને શોધવામાં કે ધર્મ ધ્યાનમાં શરીરનું ધ્યાન નથી રાખતાં પણ શરીરજ સાથ નહી આપે તો સારા કામો કેવી રીતે કરાશે. બીજાને મદદરૂપ કઈ રીતે થવાશે ? શ્રાવણ મહિનામાં ઘણાં દાઢી વધારીને પોતાની ભક્તિનો દેખાવ કરે છે. પરંતુ હું માનું છું દાઢી મુછો કે જટાઓ વધારવાથી જ સાધુ કે સંત થવાતું નથી. તમે ભયંકર લાગો તોજ તમારો આત્મા સારો હશે એ વાતમાં કંઈ તથ્ય નથી. શરીરને સુંદર, પ્રીસેન્ટેબલ કે ફેશનેબલ રાખવામાં કંઈ નુકસાન નથી. કદાચ વધેલા કોન્ફીડન્સથી આત્મા પણ ખુશ થતો હશે. પ્રભુનું પણ દરેક સ્વરૂપ સુંદર અને સ્વસ્થ છે તો આત્માને પનાહ આપતાં દેહ સાથે સાવકો વ્યવહાર શું કામ રાખવો ? મને ઘણી વાર વિચાર આવે છે આ આત્મા શું હશે ? શરીરમાં ક્યાં રહેતો હશે ? શરીર છોડયા પછી એનું શું થતું હશે એ ક્યાં જતો હશે ? માનવી માત્રને મૃત્યુનો ડર હોય છે. એ ડર શરીર છોડવાનો છે જ પણ એનાથી વધુ એક અજાણ્યા પ્રદેશમાં જવાનો ડર એને સતાવતો હોય છે. જેમ આપણે જાણીતી જગ્યાએ જઈએ તો આપણે જરાપણ ભયભીત કે ચિંતીત નથી હોતા પણ અજાણી જગ્યાએ અજાણ્યા માણસો. અજાણી ભાષા વચ્ચે જવાનું થાય તો એનો ડર લાગે છે એવું જ મૃત્યુનું છે માનવી ડરે છે કે મૃત્યુ પછી મારા આત્માનું શું થશે ? એ ક્યાં જશે ? ક્યાંક ભટકતો તો નહી રહી જાયને ? એને બીજું શરીર મળશે ? કેવું મળશે ? આવા અનેક પ્રશ્નો એને સતાવતા હોય છે. જે લોકો આત્માને પરમાત્માનો સંબંધ જાણે છે. આત્માને અને પરમતત્વને ઓળખે છે, જે પોતાનામાં રહેવા પરમાનંદ સ્વરૂપ ઈશ્વરના અંશ જેવા આત્માને ઓળખે છે એમને મૃત્યુ નો ડર નથી લાગતો. આ આત્મા વિશે ઘણું બધું વિચારાયું છે, લખાયું છે, કહેવાયું છે, ચર્ચાયું છે હું પણ હજી સમજવાની શરૂઆત કરી રહ્યો છું. પરંતુ સાદી સીધી ભાષામાં હું જે પણ કંઈક થોડું ઘણું સમજ્યો છું તે આ છે..

આ જગતની ઉપર એક સુપર પાવર છે જેને આપણે ભગવાન, અલ્લા, ઈશ્વરના વિવિધ નામે ઓળખીએ છીએ એની પાસે એક સુપર કોમ્પ્યુટર છે,

જેના દરેક જીવનો ડેટા છે. અને દરેક જીવને એ એક કમ્પ્યુટર ચીપ દ્વારા કન્ટ્રોલ કરે છે. આ ચીપ એટલે આત્મા, દરેક જીવમાં ભગવાન આ ચીપને આત્મા તરીકે મોકલતાં હશે અથવા કદાચ WI-FI ટેકનોલોજીથી દુર થી જ કન્ટ્રોલ કરતાં હોય. આ ચીપમાં એના શરીરના રૂપ, રંગ, કદ, આકાર એના જન્મજાત રોગો, એની તાકાત એની નબળાઈઓ બધું જ પ્રોગ્રામ કરાતું હશે અને શરીર એ બધું જ ધારણ કરતું હશે. (આને વિજ્ઞાન DNA તરીકે ઓળખે છે) એ ચીપમાં એ જીવની પળે પળ નો ક્ષણે ક્ષણનો પ્રોગ્રામ હશે, એનો જીવનકાળ (આયુષ્ય) એના કર્મો, એના મા બાપ, સગાં, મિત્રો, એની નીયતી, એના સુખ, દુઃખ કદાચ બધી બાબતો પ્રોગ્રામ કરેલી હશે. એની રોજ રોજના જીવનની સ્ક્રીપ્ટ લખાયેલી હશે અને જીવ એ પ્રમાણે જીવન વિતાવતો હશે. હવે વિચાર આવે કે જો આવું જ હોય, અને બધું ઉપરવાળાની સ્ક્રીપ્ટ પ્રમાણે જ ચાલતું હોય તો માણસે શું કરવાનું ? શું એની ઈચ્છા પ્રમાણે કંઈ થાય ખરું ? શું માણસે કંઈક ઈચ્છા કરવી જોઈએ કે નહીં? એ કંઈક સપના જોવાનો અધિકાર ખરો કે નહીં ? એનો જવાબ કદાચ એવો હોઈ શકે કે ઈશ્વરે આ સ્ક્રીપ્ટમાં ઘણી જગ્યાએ એવું લખ્યું હોય કે "As you wish" 'તારી ઈચ્છા મુજબ' અને જ્યાં જ્યાં જીવનના પ્રોગ્રામમાં એ શબ્દો હોય ત્યાં, ત્યાં માનવીની ઈચ્છાઓ પુરી થાય, કદાચ એ ઈચ્છાઓ ઉપર જ આપણો પોતાનો અધિકાર હોય અને કદાચ આ ઈચ્છાઓજ કદાચ આપણા કર્મોનો હિસાબ પણ હોય. આ ઈચ્છા આપણે કોઈના ભલા માટે કરી કે ફક્ત આપણા ભલા માટે ? આ ઈચ્છા દ્વારા આપણે કોકને સુખ આપ્યું કે દુઃખ ? બીજાનું દુઃખ જોઈને આપણામાં દયા ના, કરૂણાના ભાવ જન્મ્યા કે નહીં? આપણે આપણી જાત સાથે અને આપણી આજુબાજુના દરેક જીવ સાથે પ્રેમ કર્યો કે નફરત આ બધું કદાચ એ ચીપમાં સંગ્રહ થતું હોય. આપણી અનેક અધુરી ઈચ્છાઓ, આકાંક્ષાઓ, સપનાઓ નો સંગ્રહ એ ચીપમાં થતો હોય. આજુબાજુના આપણા સંપર્કમાં આવનાર બીજા જીવોની ચીપમાં પણ એનો ડેટા સંગ્રહ થતો હોય. મૃત્યુ બાદ એ ચીપ એટલે કે આત્મા, શરીર છોડીને પાછો પરમાત્મા પાસે જાય ત્યારે એમના સુપર કોમ્પ્યુટરમાં એ ચીપનું પ્રોસેસીંગ થતું હશે. એની ચીપના અને એના સંપર્કમાં આવેલા બીજા જીવોના ડેટા મેચીંગ કરીને ફાઈનલ ડેટા નીકળતો હશે. કે આ જીવની કેટલી અને કેવી ઈચ્છાઓ અધુરી રહી ગઈ છે ? એણે એના જીવનકાળ દરમ્યાન અફસોસ કે અભિમાન (હાથમાં કંઈ પણ ન હોવા છતાં પણ મે કર્યા નું અભિમાન) કર્યા વગર આપેલી સ્ક્રીપ્ટમાંનો પોતાનો રોલ પુરી ઈમાનદારીથી અને ખેલદીલીથી હસતાં હસતાં નિભાવ્યો છે કે નહી? આ બધા ડેટા ઉપરથી ફરીથી નક્કી થતું હશે કે એને ફરીથી ક્યા જીવમાં ? કોના ઘરે મોકલવો ? કયા અને કેવા સંજોગો વચ્ચે મોકલવો અમેરીકા મોકલવો કે મેંગોલીયા ? કે જેથી એની અધુરી ઈચ્છાઓ પુરી થઈ શકે અને બાકી રાખેલાં કર્મો પુરા કરી શકે. એ પ્રમાણે બીજો દેહ, બીજો જન્મ મળતો હશે. બાકી આગળ કહ્યું એ મુજબ દેહને કષ્ટ આપીને આત્માનું ભલું થતું હોય એવું મારા માન્યામાં નથી આવતું. મારી તો ભગવાનને એટલી જ પ્રાર્થના છે કે પ્રભુ તે મોકલેલી આત્મારૂપી ચીપમાં બને એટલી ઓછી ઈચ્છાઓ અને ઓછામાં ઓછી ફરિયાદ રાખીશ એવી ખાતરી આપું છું. પરંતુ મૃત્યુ વખતે મોઢા ઉપર સંતોષનો ભાવ હોય, નાનકડું સ્મીત હોય અને કફન દ્વારા છુપાવવો ન પડે એવો ચહેરો હોય એનું ધ્યાન રાખજે.

**- નિખીલ પરીખ**

# સુદર્શન ચક્ર

- ઉષા એસ. ધારીયા

પૃથ્વી ગોળ છે, પૈડુ ગોળ છે, રૂપિયો ગોળ છે. ગોળાકારને કોઈ ખૂણો નથી હોતો. એજ રીતે પાણીનું બિંદુ પણ ગોળ છે. સુદર્શન ચક્ર પણ ગોળ છે. આ ગોળાકારને ફરતું રહેવા માટે બેઝ જોઈએ અને એ છે ધરી. પૈડુ ધરી પર ફરે ત્યારે જ ગતિમાન થાય છે. એજ રીતીએ પૃથ્વીનો ગોળો પણ ધરી પર ફરતો જ રહે છે. સુદર્શન ચક્રને ફરતું રહે એ માટે પ્રભુજીની આંગળીને ધરી બનાવાય છે. રીયલમાં પૃથ્વીનો ગોળો ફરે છે એ પણ પ્રભુજી જ શક્તિથી બને છે. એટલે આપણા સર્વેની જીંદગીનું ચક્ર પણ પ્રભુજીની શક્તિથી ગતિમાન થાય છે. માનવને મન હું જ જીવનને ગતિશીલ કરુ છું, પરંતુ સર્વ શક્તિમાન પ્રભુજી વિના આપણે શુન્ય છીએ. રૂપિયો પણ ગોળ છે. અને એ એક હાથથી બીજા હાથ ફરતો જ રહે છે, અને એ ફરતો રહે છે. આપણી પાસે આવે તો કોઈવાર બિજાના હાથમાં રમતો થાય છે. રમતો રૂપિયો બધાંને જ રમાડે છે.

રૂપિયા વિના આપણે સૂન્ય જ છીએ. સૂન્યમાંથી એકમ બનાવવા માટે માનવીએ અથાગ પ્રયત્ન કરવો પડે છે. પ્રભુજીની ક્રિયાથી દિવસ, રાત, મહિનાઓ, ઋતુઓનું ચક્ર ચાલતું જ રહે છે અને એ ચક્ર એટલે સુદર્શન ચક્ર. સુંદરતાનું દર્શન કરાવે એ સુદર્શન ચક્ર. સુરજ દાદા પણ ગોળ અને ફરતા રહે છે. આ ચક્રની ગતિથી બધી જ સૃષ્ટિ ગતિમાન બને છે. સૂન્યમાંથી એકમ એટલે લક્ષ્મીજીની બઢોતરી અને આ ક્યારેય બને દેવ રીઝે ત્યારે, જ્યાં દેવ વસે ત્યાં લક્ષ્મીજી વસે, દેવ રૂઠે તો લક્ષ્મીજી રુસણાં લઈ ચાલ્યા જાય. સુકર્મથી દેવ રીઝે, અને સારાં કર્મ શારીરીક શક્તિથી અને રૂપિયાની લાકડીથી સુસંકૃત સ્વભાવ અને નિર્મળ મનના પગલે જ થાય પણ એમાં રૂપિયો પોતાનું ચક્ર ચલવે છે. સારા કર્મની શી વ્યાખ્યા કરશો ?

''કર્મનકી ગતિ ન્યારી'' આગળ કહયું તેમ આ સુકર્મ કરવા માટે ચક્રો ગતિમાન કરવા પડે છે. આ માટે દૃષ્ટિને પંગુઓ, અનાથ, વૃદ્ધો, અને ભૂખ્યાંજનો તરફ વાળવી પડે છે અને રૂપિયાના ચક્રને ગતિશીલ કરવું પડે છે અને આ ક્રિયાને સુદર્શન ચક્રની મહેર પણ જરૂરી છે. રૂપિયાના આ ફરતા ચક્રને જરૂરિયાતમંદ પાસે થંભાવી સારા કર્મને ગતિમાન કરી તમારા રૂપિયામાંથી એકમ બનાવી શકશો. પૂર્ણ વિરામ ગોળ છે. જીવનનું પૂર્ણ વિરામ થાય એ પહેલા જ સુદર્શન ચક્રની જેમ તમારા જીવનના ચક્રને ગતિશીલ કરવા બદ્ધ થઈ તમારા રૂપિયાને ગતિશીલ કરવો જરૂરી છે. શારીરીક ચક્રને પણ ગતિશીલ થઈ શકે તો તે દિશાએ પ્રારંભ કરી સુસંસ્કૃતા અને નિર્મળતાના ચક્રની ધરીએ તમારા જીવન ચક્રને ફરતું કરી દો. ધરી માત્ર મનની બનાવો અને રૂપિયાને ચક્ર બનાવો. ઠાલા હાથે જવાનું તો છે જ પરંતુ સુસંસ્કૃત મનની ધરી અને રૂપિયાનું સુદર્શન ચક્ર બનાવી 'કર્મનકી ગતિ ન્યારી' બનાવો, અમલમાં મૂકો. મુક અંતરની આશીષ અને ઉષ્મા તમારા જીવનને અગ્રીમાએ પહોંચાડશે. ગત વિધ જાનો તો સુદર્શન ચક્ર કી, જો ફીરે પ્રભુજીની અંગુલી પરે અને તમારા નસીબની બલીહારીના ચક્રને ગતિમાન કરી દેશે. 'બલ બલ જાઉં મોરે પ્યારે કી અંગુલી પરે, જો ચક્ર સુદર્શન ભારી ફિરાવે'.

''મૂકમ્ કરોતિ વાચાલં, પંગુમ્ લંગથ તે ગિરિમ્
યત્ કૃપા તમ હમ વંદે, પરમાનંદન માધવમ્''

પંચ મહાભૂતમાંથી બનેલો આ દેહ પંચ

મહાભૂતમાં વિલીન થાય, માનવ જીવનનું ચક્ર ફરતું બંધ થાય એ પહેલાં સુકર્મ સમેટવાના છે. સુદર્શન ચક્રની લીલાથી તમારા અને પ્રભુજીના મિલનને માણી શકો એ સુનહરી પલોને સમેટી ઉપરના શ્લોકને અનુસરી લો. સુકર્મનો ઢેર કરી દો, આ ધન્ય પલને સુદર્શન ચક્રની ગતિ આપો. વિશ્વ નિયંકાને કોટિ પ્રણામ કરી અમુલ્ય પલને અમલમાં મૂકશો એજ અભ્યર્થના. પ્રભુની વાંસળીથી બ્લોઅપ થતાં તમારા હૃદયની ગતિ થંભી જાય એ પહેલાં તમારા જીવનનું સુદર્શન ચક્ર ગતિમાન કરો. દેવ રીઝે, લક્ષ્મીજી રીઝે અને મહેર હો સુકર્મની તમારા પર આશીષનો ઢેર થઈ રહે.

તમારામાં દયા કૃપાનો અંશ જરાક પણ હોય તો જ આ સૂકર્ણ બટોરી શકશો.

સુકર્મ બટોરવા તમારા હૃદયમાં દયા, અનુકંપા, અંકુરીત થાય એ ખુબ જ મહત્તા માંગી લે છે. તમારા જીવનનું સુદર્શન ચક્ર ફરતું રહે એવી ભાવના રાખી પ્રભુજીની સંગે પ્રિતને સુસંગત કરતાં રહો. ધરી મનની બનાવી રૂપિયાને સુદર્શન ચક્ર બનાવો.

## વંદના

વંદના અમારી શ્રીનાથજી, વંદના અમારી શ્રીનાથજી
ચરણશરણ તવ નમન નમી
કરતી આરાધના ઉર ઉમંગભરી... વંદના
માત, તાત, ભ્રાત, ભગીની
તુમહી સખા મોરે પ્રિય શ્રીનાથજી.. વંદના
માંગુ આશીષ ઉર અંતરની
શરણાગત વત્સલા મેં તોરી શ્રીનાથજી
વંદના અમારી શ્રીનાથજી
વંદના અમારી શ્રીનાથજી..

**- ઉષા એસ. ધારીયા**



# શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીયા (ધરીવાલા) પુરસ્કૃત
# ૬૦મો વાર્ષિક રસોત્સવનો અહેવાલ

આ વરસે વાર્ષિક રસોત્સવનું આયોજન ઉપનગરમાં વિલેપાર્લા ભાઈદાસ હોલ ખાતે રાખવામાં આવ્યું હતું. તા. ૬-૧૧-૧૧ને રવિવારે સવારે ૯.૦૦ કલાકે બગુ જ આનંદની વાત છે આખો હોલ ભરાઈ ગયો હતો. ઉપનગર પાર્લા ખાતે પ્રથમ વખત રસોત્સવ ઉજવાયો હતો.

મુખ્ય મહેમાન શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખના મામા શ્રી નગીનદાસ લાલચંદ પરિખ તરફથી ડ્રાય ફ્રુટના પેકેટ આપી સૌનું ગેટ ઉપર સ્વાગત કરવામા આવ્યુ હતુ. સાથે સોવિનિયરની બુક લેટ બધાને આપતા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી નીખીલ પરીખે (લાઈ) બધાને અને મુખ્ય મહેમાનને આવકાર આપ્યો હતો. સંઘના મંત્રી શ્રી ભાવેશ મોદીએ પ્રવૃતિનો ચિતાર આપ્યો હતો અને મુખ્ય મહેમાન શ્રી સુરેન્દ્ર પરીખનું શાલ ઓઢાડી બહુમાન કર્યુ હતું. પ્રમુખ શ્રી કલ્પેશ ધારિયાએ મુખ્ય મહેમાનને મોમેન્ટો અર્પણ કરી મુખ્ય મહેમાન શ્રી સુરેન્દ્ર પરીખનું બહુમાન કર્યુ હતુ. અને સૌને આવકાર આપી કહયું હતું મુખ્ય મહેમાન શ્રી સુરેન્દ્રભાઈ તરફથી રૂા. ૭૫,૦૦૦/-નું માતબર દાનની જાહેરાત કરી હતી સાથે મુખ્ય મહેમાન તરફથી નાસ્તામા ફરાળી પેટીશ આપવામા આવી હતી.

શ્રી મુકેશ ગાંધીએ ટુકમા મુખ્ય મહેમાન શ્રી સુરેન્દ્ર પરીખનો પરીચય આપ્યો હતો. બચપણથીજ ફેમીલી માટે કંઈક કરી છુટવાની ભાવના અને આજે જીંદગીમાં ભારે સ્ટગલ કરી મોટા ઈન્ડસ્ટ્રીયલીસ બની ગયા જે શ્રી નગીનમામા એ એમનો હાથ પકડી ઉપર લાવ્યા. શ્રી સુરેન્દ્રભાઈએ કહયું હતુ. આજકાલ લોકો બહારની નાતમા બહુ જ પરણે છે. તો ભવિષ્યમાં આપણી જ્ઞાતિ પ્રત્યે લોકોની લાગણી ઘટતી જશે. માટે આપણી જ્ઞાતિમાંજ એક બીજાનું નક્કી થાય તો વધારે સારુ બીજું આપણો અલગ અલગ સંસ્થા રાખી છે જેમાં આમ જનતાને તકલીફ પડે છે. તો એક મોટી ઓફિસ રાખી બધી સંસ્તાનું એક જ છત્ર છાયા નીચે કામ થાય તો સારું પડે.

શ્રી સુરેન્દ્રભાઈ પરીખ પાસે હું મુખ્ય મહેમાન બનવા માટે વિનંતી કરવા ગયો ત્યારે ખબર પડી આટલા મોટા ઈન્ટસ્ટ્રીયલીસ હોવા છતા મને સમય આપ્યો તે સરળ સ્વભાવના છે તથા એમણે બે વડીલનો સંપર્ક સાંધ્યા પછી હા પાડી એ શુ બતાવે છે ? પૈસો મહાન નથી પણ વડીલની આમાન્યા રાખવી એ મહાન છે. એવા શ્રી સુરેન્દ્રકાઈને મે કહયું આ સાથે તમારા તરફથી નાસ્તો આપોતો સારુ તો એમણે એમના ધર્મ પત્ની શ્રીમતી ઉવર્શીબહેન સાથે મારી વાત કરાવી અને અગિયારશ હતી એટલે ફરાળી પેટીશનો નાસ્તો રાખવા તૈયાર થઈ ગયા.

સંઘના ઉપ-પ્રમુખ શ્રી સોમિલ મોદી એ મુખ્ય મહેમાનના ધર્મપત્ની શ્રીમતી ઉવર્શીબહેનનું ફલાવર બુકે આપી બહુમાન કર્યુ. તેમજ સંઘના ટ્રેઝરર શ્રી નીકેશ ગાંધીએ ડ્રામાના ઓરગેનાઈઝર શ્રી રાજેન્દ્ર ભુતાલનુ ફુલનો બુકે આપી સ્વાગત કર્યુ.

રસોત્સવના સંયોજક શ્રી હેમેન્દ્ર શાહ એ બધાને

જે. જે. શ્રી ગોકલેશ અને નુતન વર્ષાના અભિનંદન કહી રસોત્સવમા નવુ નાટક 'જીવવું તો વટથી જ' એ વીશે વાત કરી બાલાસિનોર વાળા બધા વટથી જ જીવે છે અને આ નાટકમાં ખરેખર મજા આવશે તેમજ શ્રી સુરેન્દ્રભાઈ મુખ્ય મહેમાનના સરળ સ્વભાવના છે તેની વાત કરી. એમનો અભિનંદન આપ્યા.

ઉપનગરના સહમંત્રી શ્રી નીલેશ શાહ એ આભાર વિધી કરી હતી.

ત્યાર પછી જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા એ નાટકની શરૂઆત કરી 'જીવવું તો વટથી જ' રાજેન્દ્ર ભુતાલા લીખીત અને રૂપા દિવેટીયા

આપ સૌનો આભારય

જે. જે. શ્રી ગોકુલેશ

**સંયોજક -મંત્રી શ્રી ભાવેશ મોદી**

**સંયોજક- શ્રી મહેન્દ્ર શાહ.**

## મલાડ વસતા બાલાસિનોરવાસીનું સમુહ ભોજન

મલાડમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમુહ ભોજન તા. ૮-૧-૨૦૧૨ના રવિવારે રાખેલ છે. મલાડમાં વસતા તમામ બાલાસિનોરવાસીઓને સવારના ૧૧ કલાકે સમૂહ ભોજનમાં નીચેના સ્થળે પધારવા વિનંતી છે.

**સ્થળ :** નડીઆદવાલા માર્કેટ હોલ, લક્ષ્મીનારાયણ શોપીંગ સેન્ટર સામે, પોદાર રોડ, મલાડ (ઈ), મુંબ - ૪૦૦૦૯૭

**આભાર - એજ લી. આપણો વિશ્વાસુ**
**દીક્ષીત કે. પરીખ**


# ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)



**(જ્યોતિર્વિદ-મુંબઈ)**
**Sankalp Astrologist & Palmist**
તથા

**દક્ષેષ ભટ્ટ**

જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર

૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૬, ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી, બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯ । Email : gopaljbhatt@yahoo.co.in
✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨ • મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

શ્રીમતી શાંતાબહેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગનો દિવાળી સ્નેહ સંમેલનનો કાર્યક્રમ તા. ૯-૧૧-૧૧ બુધવારે બપોરે ૩ કલાકે તેજપાલ ખાતે નવું નાટક 'સાઉન્ડ પ્રુફ' નો રાખવામાં આવ્યો હતો. જે અનિવાર્ય સંજોગોને કારણે રજૂ ન થઈ શકતા નાટકના નિર્માતાએ તેમનું બીજુ નાટક 'કમાલ ફેમિલીનું ધમાલ સર્કસ' રજુ કર્યુ હતુ. આ અગવડ બદલ મહિલા વિભાગ દિલગીર છે. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન ઉષાબહેન રજનીકાંત શાહ (ચકવા) તરફથી નાટક તથા હાજર સર્વે બહેનોને કાચની બે બરણીની [illegible]આપવામાં આવી હતી. આવા ઉદાર દાતા તેમજ તેમના પરિવારજનોનો જે સંયોજકની એક જ હાકલ પડતા મુખ્ય મહેમાનપદ સ્વીકારી લે તે સર્વેનો મહિલા વિભાગ ખૂબ જ આભાર માને છે. નાટકના ઈન્ટરવલમાં પ્રસંગોચિત મુખ્ય મહેમાનના અભિવાદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મહિલા વિભાગના સંયોજક શ્રીમતી કુંજબાવા શાહ નવયુવક સંઘના પ્રમુખ કલ્પેશ ધારિયા તથા મંત્રી ભાવેશ મોદીએ પ્રસંગને અનુરૂપ પોતાનું વ્યક્તવ્ય આપ્યું હતું. મુખ્ય મહેમાન ઉષાબહેન પણ હાજર સર્વે મેદનીને સંબોધન કર્યુ હતુ.

મુખ્ય મહેમાનનો પરિચય શ્રીમતી સોહિણીબહેન કડકીયા તેમજ આભાર વિધિ શ્રીમતી પ્રતિમાબહેન ધારિયાએ નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી બીજલ ગાંધીએ કર્યુ હતુ. ઈન્ટરવેલ દરમ્યાન સૌને Cold Drink આપવામાં આવ્યું હતુ. નાટકના સમાપન બાદ સૌને નાસ્તાના પેકેટ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને સુંદર રીતે પાર પાડવા બદલ મહિલા વિભાગ કમિટિ મેમ્બર્સ, મુખ્ય મહેમાન, નવયુવક સંઘનો વોલિંટીયર્સ બહેનો તથા હાજર સર્વે મેમ્બર બહેનોનો આભાર માને છે અને ભવિષ્યમાં પણ આવા સાથ સહકારની અપેક્ષા રાખે છે.

### જાન્યુઆરી માસનો કાર્યક્રમ

મહિલા વિભાગનો આગામી કાર્યક્રમ તા. ૧૨-૧-૧૨ ગુરૂવારે 'Great Escape' ખાતે એક દિવસીય Picnic નો રાખવામાં આવ્યો છે. જેના પાસના રૂા. ૪૦૦ રાખવામાં આવ્યા છે. પાસ તા. ૪-૧-૧૨ બપોરે ૩ થી ૪ દરમ્યાન મંડળની ઓફિસમાંથી અથવા કોઈપણ કમિટિ મેમ્બર પાસેથી મળશે. સિનિયર સીટીઝનોએ નામ લખાવતી વખતે કોઈપણ Age Proof ની ઝેરોક્ષ આપવાની છે.

ગયા જ્યોતિપુંજમાં ભૂલથી Esha શાહને Dress માટે નહિ પણ Best Performance માટે પન્ના પરેશ શાહ તરફથી Prize આપેલું તે સુધારીને વાંચવું.

**સંયોજક - કુંજુ શાહ**
**મો. ૯૯૩૦૭૯૪૪૨૪**


શ્રી બાલાસિનોર નવયુવક



Balasinor Premier League 2011-12

## KADAKIA ENTRPRISE BPL T20 2ND EDITION

**1ST MATCH :** VISHESH CHALLENGERS 131/8 (Miten Parikh 37, Mitesh Dharia 6/25), DHARIA'S STALLION 132/1 (Chirag Desai 61* , Rohan Dharia 44*). DHARIA'S STALLION won by 9 wkts.

**2nd MATCH :** RED BULLS 131/8 (Samir Mody 20, Daxit Gandhi 4/16, Kinjal Parikh 4/39), LALKHA TIGERS 119 all out. (Daxit Gandhi 27, Apurv Dharia 2/14, Jigar Parikh 2/18). RED BULLS won by 11 runs.

*3rd MATCH :* BALASINOR LIONS 124/5 (Ashwin Karkeria 70-, Dipen Mody 3/18), APEX WONDER BOYS (Niren Dharia 78*). APEX WONDER BOYS won by 9 wkts.

**4th MATCH :** RED BULLS 137/6 (Chirag Parikh 27, Kunal Mody 25, Arpit Dharia 2/36), BALASINOR LIONS 138/7 (Sahil Desai 40, Rikit Mody 31, Ankur Parekh 2/26, Jugar Parikh 2/11). BALASINOR LIONS won by 3 wkts.

**5th MATCH :** APEX WONDER BOYS 178/5 (Niren Dharia 97*, Samir Desai 20*, Ripal Parikh 2/34), VISHESH CHALLENDERS 140 all out. (Daishik Desai 41, Saumit Dharia 24, Nitin Gandhi 4/19, Vishal Jariwala 3/32). APEX WONDER BOYS won by 38 runs.

**KINJAL PARIKH - BPL CONVENOR**
**BHAVESH MODI - SECRETARY**

## Shri Natverlal Chunilal Mody (Jansathi) Trophy 2011-12

Bus Jansathi tournament first match was played on Sunday 16th Oct 2011 at Sachivalaya Ground. Ovel Maidan. Being the opening match of the tournament, It was attended by Shree Balasinor Navyuvak Sangh President Shri Kalpesh Dharia, Vice President Shri Saumil Mody, Secretary Shri Bhavesh Mody & other office bearers.

Before the match Shri NITN PARIKH whose name has been given as Group Head was offered a boquet as vote of thanks to him for the important role he has played in keeping our community cricket alive. A bouquet was also presented to Shri Kinjal Parikh who has given his heart & soul to Balasinor cricket during his tenure of Convenorship for four years.

The match was played between RIPAL PARIKH & ASHWIN KARKERIA.

Ashwin won the toss & decided to field first.

**MATCH RESULT :** RIPAL PARIKH 235/9 (Miten Parikh 62, Dipen Mody 39, Rohan Desai 33, Shamik Shah 33, Sandeep Dharia 3/46, Pankaj Kadakia 3/50),

ASHWIN KARKARIA 88 all out. (Sandeep Dharia 54, Ripal Parikh 3/12, Rakesh Dharia 2/4). RIPAL PARIKH'S team won the match by 147 runs.

**CHIRAG PARIKH - CONVENOR**
**BHAVESH MODI - SECRETARY**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૬ઠી બેઠક તા. ૨૦-૧૧-૧૧ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સૌ પ્રથમ વાર ઉપનગર ખાતે યોજાઈ હતી. પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંઘના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠ એ ૫મી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો તે સવાનુમતે પસાર કરી જાહેર કરવામાં આવ્યો હતો.

સંઘના સંયોજક (શ્રીજી મેડીકલેમ યોજના) શ્રી ભરત પરીખ એ અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામા આવ્યો હતો.

સંઘની વિવિધ પ્રવૃત્તીઓ (૧) દિવાળી પર્વ આર્થિક રાહત યોજના (૨) આંતરીક રમત ગમત (૩) જનતા ફી સહાય યોજના (૪) ઉપનગર સમિતિ (૫) મહિલા વિભાગ (૬) ચલો બાલાસિનોર પ્રવાસ ના સંયોજકોએ તેમનો અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો. તે સવાનુમતે પસાર કરવામા આવેલો.

સંઘના ઉપનગર વિભાગના સંયોજક શ્રી નીમીષ ગાંધી એ સંઘની શાખા ઉપનગર ખાતે ખોલવાનુ સુચન કર્યુ હતુ. કારોબારી એ ચર્ચા વિચારણા કર્યા બાદ તેમને એક પ્રોજેકટ રીપોર્ટ બનાવીને પછીની બેઠકમાં રજુ કરવાનું કહયું હતુ.

ઉપસ્થીત રહેલા આમંત્રીતોએ અને કારોબારી સભ્યોએ ચલો બાલાસિનોર પ્રવાસની પ્રશંસા કરી હતી અને દર વર્ષે આ પ્રવાસ ચાલુ રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

કુલ બે લીવની અરજી આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી સૌ આમંત્રીતો અને કારોબારીના સભ્યોનો આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**- મંત્રી શ્રી ભાવેશ બીપીન મોદી.**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઉપનગર વિભાગ વર્ષ ૨૦૧૧-૧૨નો પ્રથમ પ્રોગ્રામ દાંડીયારાસનો તા. ૧૬-૧૦-૧૧ના રવિવારે કાંદિવલી મુકામે નરવળે સ્કુલના હોલ, એમ જી રોડ ખાતે, સાંજે ૬.૩૦ વાગ્યાના સુમારે શરૂ થયો હતો. તેના મુખ્ય મહેમાન તરીકે શ્રી મંગળદાસ મુળજીભાઈ મોદી (શેહરાવાળા)હતા. તેઓએ સંસ્થાને આ પ્રસંગે રૂા. ૨૫,૦૦૦/- પચીસ હજાર નું માતબર દાન આપ્યું હતુ. તદ્ ઉપરાંત આની સાથે દાડીયા રાસના ઈનામ પણ તેમના તરફથી આપવામાં આવ્યા હતા. પ્રથમ ૫૦૦ આવનાર વ્યક્તિને ઠંડા પીણાની ફ્રી કુપન એક સદ્‌ગૃહસ્થ તરફથી આપવામાં આવી હતી અને તેમા રૂા. ...૦૦૦/- નું એડવર ટાઈસના આવ્યા હતા. સંસ્થા તેમના અને તેમના કુટુંબીજનોનો આભાર માને છે. સંસ્થાના મંત્રીએ તથા ઉપપ્રમુખે ... પ્રમુખશ્રીએ મુખ્ય મહેમાનનું શાલ ઓઠાડી તથા મોમેન્ટો આપીને બહુમાન કર્યુ હતુ.

પ્રોગ્રામ શરૂ કરવા પહેલા અંદર આવનારને મીઠાઈ આપીને સ્વાગત કર્યુ હતુ. ઓકેસ્ટા મનીષા શાહ અને હોમ પાટીએ રમઝટ તાલે ગરબા તથા દાંડીયા રાસ રમાડ્યા હતા આનો લાભ ઉપનગર ના ઘણા બધા કુટુંબો એ લીધો હતો. ઘણા બધા ખેલૈયાઓએ સુંદર વસ્ત્ર પરીધાન કરીને આવ્યા હતા. આ પ્રોગ્રામ માં સુંદર વસ્ત્ર વરીધાન કરીને આવનાર તથા સુદર રમનારને ગ્રુપ

પ્રમાણે ઈનામો આપવામાં આવ્યા હતા. આ ઈનામ માટે બહારના બે જજની નીમણુંક કરવામાં આવી હતી. નાસ્તા તથા પિવાના પાણીની સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. અને છેલ્લે સહમંત્રી શ્રી નીલેશ શાહ એ બધાનો આભાર માન્યો હતો અને પ્રોગ્રામ સમાપ્ત કર્યો હતો.

**સંયોજક નીમીષ ગાંધી**

**મંત્રી - ભાવેશ મોદી**

## બોરીવલી થી વિરાર સુધી વસતા બાલાસિનોર વાસીઓનો સમુહ ભોજન

આ વખતે પિકનિકનું આયોજન કરવામાં આવ્યું છે. **સ્થળ :-** મયુર વન (ફાર્મહાઉસ મહેશભાઈ) મનોરવાડા રોડ, વાડા.

**તારિખ :** ૮-૧-૨૦૧૨ રવિવાર સવારે ૭.૩૦ કલાકે બસ ઉપડશે. સુમેરનગર, ચામુંડા સર્કલ, યોગીનગર, ચાર્જ રૂા. ૪૦૦ વ્યક્તિ દીઠ (જનરલ મેમ્બર) ચાર્જ રૂા. ૨૫૦ વ્યક્તિ દીઠ (ડોનર મેમ્બર) જે ફેમીલી એ ડોનેશન આપ્યુ છે અને બીજા નવા ફેમીલી ડોનેશન આપશે એમને ફેમીલી દીઠ ગીફ્ટ આપવામા આવશે. દરેક જણને વિનંતી છે કે તમારી નજીકના કાર્યકર્તાઓને ફંડફાળો મોકલી આપવા વિનંતી છે. ડોનેશન ફંડ જેમને આપવાનું બાકી હોય તો સામેથી મોકલી આપે. આપનો સાથ સહકાર એજ અમારી અપેક્ષા છે.

**હેમેન્દ્ર રમણલાલ શાહ -૯૮૨૦૦૧૧૫૮૬- ૩૨૯૬૯૫૩૮) કમીટીના જે. જે. શ્રી ગોકુલેશ**

નામ નોંધાવા અને ફાડો આપવાની છેલ્લી તારીખ ૩૧-૧૨-૨૦૧૧ નજીકના કાર્યકર્તા ઓને આપી શકે.


## શ્રી મેડીકલેઈમ યોજના

શ્રી બાલાસિનોર નવયુવક મેડીકલેઈમ યોજના દ્વારા લાભ લેવા કુટુંબોને જણાવવાનું કે મેડીકલેઈમના નવા સુધારા મુજબ હોસ્પીટલમાં દાખલ થયા પછી ૨૪ (ચોવીસ) કલાકની અંદર એજન્ટને જણાવી દેવાનું રહેશે અને હોસ્પીટલથી ઘરે ગયા પછી ૩ (ત્રણ) દિવસની અંદર તે વ્યક્તિએ ફાઈલ એજન્ટના ઘરે પહોંચાડવી પડશે અને જો તેનાથી તમે મોડા પડશો તો TPI તમારો કલેઈમ પાસ કરશે નહિ તો સંસ્થા જવાબદાર રહેશે નહિ.

**- મંત્રી ભાવેશ મોદી**

**સંયોજક - ભરત પરીખ - ૯૮૬૯૧૦૨૬૧૮**


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



## શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય

**જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)

**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

## યાદ કે અંજલિ

હીંચકે બેઠો, મોબાઈલે વાત કરતો,
બસ, એક યાદ અપાવી,
ને અશ્રુઓ ડોકાબારીમાંથી છલકાણાં ! (૧)
આને કેવી યાદ, પ્રત્યક્ષ હાજર ! ફાંફા મારૂં,
ના કોઈ દેખાણું
આતે 'યાદ કે મુક અંજલિ' (૨)
રૂદન કરતું મન, ખોવાયાનો અફસોસ,
ખોટ કોણ પુરશે આજ
કરવી શ્રીજીને આજીજી ! (૩)
માનવીની જીંદગી, ક્યારે પુરી થાય ?
એક સ્વપ્ન સમાન બની રહે.
રહી જાય, રહેમ દીલ ને મહેક ! (૪)

**- ચંદ્રકાંત શાહ (ચટઈ)**

## મૃત્યુ

**માનવીનું અસ્તિત્વ એક સ્વપ્ન,
ફૂલ ખીલ્યું, ના ખીલ્યું, ખરી પડવું
આંખના પાંપણ ખૂલ્યા ના ખૂલ્યા,
ઝબકારા સાથે અંધકાર છવાઈ જવો !
જનમ સાથે 'મૃત્યુ' આવશ્યક છે,
આવક સાથે જાવક ની જરૂર છે.
પુનમ ને અમાવસ, પ્રકાશ ને અંધકાર,,
કુદરતની પ્રણાલિકા છે, જરૂરી છે.
માનવીનું મૃત્યુ ગમે ત્યારે આવે,
આપણા હાથની વાત નથી,
એની દોરી શ્રીજીની પાસે છે. એ સર્વે કર્મને આધિન છે !
જેવું કર્મ એવું એનું ફળ ! અહિને અહિજ, બીજે ક્યાંય નહિ,
ભોગવ્યેજ છૂટકો, બાકીનો આવતા
તમને શ્રીજી ચેતવે જરૂર છે.
પોતે નીમીત્ત નથી બનતો, શ્રીજીનો ઉપકાર માનવો રહ્યો,
ના સમજો તો આપણા નસીબ !
શ્રીજીને પ્રાર્થના કરવી રહી, હરેક આત્માને શાંતિ અર્પે.**

**- ચંદ્રકાંત શાહ (ચટઈ)**

## ભાવભીનું નિમંત્રણ

સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ
આયોજીત
**શ્રી રસિકલાલ રમણલાલ કડકિયા** (આર.આર.)
**<u>સ્મૃતિ ભક્તિ સંધ્યા :</u>**
**કાર્યક્રમ રવિવાર તા. ૧૫.૦૧.૨૦૧૨**
**સમય : સાંજના ૫.૧૫ થી ૭.૩૦**
**વક્તા : ડૉ. નરેશ વેદ**
**વિષય : શ્રી યમુનાષ્ટક વિવરણ**
અને
**ભક્તિ ભજન શ્રીમતી હીના મહેતા**
**સ્થળ :** પ્રેમપુરી આધ્યાત્મિક વિદ્યાભવન,
સ્વામી શ્રી પ્રેમપુરીજી ચોક, બાબુલનાથ રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૭
**નિમંત્રક**
**પુષ્પાબેન રસિકલાલ કડકિયા પરિવાર**

## ભાવભીનું નિમંત્રણ

સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ
આયોજીત
**શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ**
**<u>સ્મૃતિ ભક્તિ સંધ્યા :</u>**
**કાર્યક્રમ શુક્રવાર તા. ૦૬.૦૧.૨૦૧૨**
**સમય : સાંજના ૫.૩૦ થી ૭.૩૦**
**વક્તા : શ્રી દેવદાસ આમીર**
**વિષય :**
**જગદગુરૂ શ્રી કૃષ્ણ જીવન દર્શન ઉપર
સળંગ ૨ કલાક પ્રવચન આપશે.**
**સ્થળ :** પ્રેમપુરી આધ્યાત્મિક વિદ્યાભવન,
સ્વામી શ્રી પ્રેમપુરીજી ચોક, બાબુલનાથ રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૭
**નિમંત્રક**
**નવીનચંદ્ર ચીમનલાલ શાહ** (કલકત્તાવાળા)
પરિવાર

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ

માહે ઓગસ્ટ-૧૧ના માસના જ્યોતિપુંજ પ્રસિદ્ધ થાય બાદ ટ્રસ્ટમાં વધુ નોધાયેલ દાન મળેલ વચનની યાદી

૧) રૂા. ૫,૦૦,૦૦૦/- શ્રી ગોકલદાસ ગાંધી પરિવાર (આઈ.સી.યુ. રૂમના નવીનીકરણ માટે)

૨) રૂા. ૫,૦૦,૦૦૦/- શ્રીમતી કુસુમબહેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાલા (પેથોલોજી લેબોરેટરીના નવીનીકરણ માટે)

૩) રૂા. ૫,૦૦,૦૦૦/- શ્રી નટવરલાલ ઓચ્છવલાલ કડકીઆ (લટકારી) હસ્તે. અતુલ, દક્ષેશ, દીક્ષીત, અને મીનીષ (સુપરડીલક્ષ રૂમના નુતનીકરણ માટે)

૪) રૂા. ૫,૦૦,૦૦૦/- શર્મિષ્ઠાબહેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોકસી) ગાયનેક વિભાગના નામકરણ માટે હસ્તે શ્રી મયંકકુમાર અને શ્રી કેતનકુમાર

૫) રૂા. ૫,૦૦,૦૦૦/- શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) સર્જીકલ વિભાગના નામકરણ માટે હસ્તે શ્રી કૌશીકભાઈ

૬ રૂા. ૨,૫૦,૦૦૦/- શ્રી અશોકભાઈ કાંતિલાલ પરીખ (તાતીયા)

૭) ૨,૫૦,૦૦૦/- શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા) (અગાઉના રૂા. એક લાખ તથા નવા રૂા. દોઢલાખ મળીને)

૮) રૂા. ૨,૫૦,૦૦૦/- શ્રીમતી સરલાબહેન મનહરલાલ કડકીઆ (મલમ) દંત રોગોના નિદાન કેમ્પના નામકરણ માટે (અગાઉના રૂા. બે લાખ તથા નવા રૂ.પચાસ હજાર મળીને)

૯) રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રીમતી નીશા જતીન નવનીતલાલ દેસાઈ

૧૦) રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રી શૈલેષ લલ્લુભાઈ ધારીઆ (હેટ માસ્તર) હસ્તે મંજુલ ધારીઆ

૧૧) રૂા૧,૦૦,૦૦૦/- શ્રીમતી કુસુમબહેન બાબુલાલ ચુનીલાલ કડકીઆ (મલમ) હસ્તે વિપુલ બાબુલાલ કડકીઆ

૧૨) રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રી રમેશભાઈ કાંતિલાલ મોદી (શહેરાવાળા)

૧૩) રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રી ઉષાબહેન રજનીકાંત શાહ (ચકવા)

૧૪) રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રી પ્રવિણચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) પૌત્ર માનિતાના લગ્ન પ્રસંગે

૧૫) રૂા. ૩૧,૦૦૦/- શ્રી કલ્પનાબહેન કીર્તીકુમાર કડકીઆ (લટકારી)

૧૬) રૂા. ૧૫,૦૦૦/- શ્રી વાડાસિનોર ચેરીટેબલ ટ્રસ્ટ

## હીરક મહોત્વનો કાર્યક્રમ

હીરક મહોત્સવ પ્રસંગે મુંબઈમાં રવિવાર તારીખ ૨૨મી જાન્યુઆરી ૨૦૧૨ના રોજ બિરલા માતુશ્રી સભાગૃહમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

મુખ્ય મહેમાન ડૉ. કીરીટ કાંતિલાલ મોદી

અતિથિ વિશેષ : ૧) શ્રી મુળજીભાઈ ચંદુલાલ ધારીઆ (લાલખાં) (૨) શ્રી રમણીકલાલ લલ્લુભાઈ ધારીઆ

તે પ્રસંગે સ્મરણિકાનું વિમોચન કરવામાં આવશે.

શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર દાતાશ્રીઓનો સન્માન સમારંભ

દર વર્ષની જેમ ચાલુવર્ષે ટ્રસ્ટને પ્રોત્સાહીતદાન આપનાર સખાવતી દાતાશ્રીઓનો સન્માન સમારંભ આગામી તારીખ ૧-૩-૨૦૧૨ને ગુરૂવારના રોજ સવારે ૯ કલાકે હોસ્પિટલના પટાંગણમાં યોજવામાં આવેલ છે. આ પ્રસંગે પૂ.પા. ગો. ૧૦૮ શ્રીદ્રુમિલકુમારજી મહોદયશ્રી (સુરત-વડોદરા) આર્શિવચન આપવા પધારેલ.

હીરક મહોત્સવ પ્રસંગે શનિવાર તા. ૩-૩-૨૦૧૨ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમ બાલાસિનોર મુકામે યોજવામાં આવ્યો છે.

શ્રીમતી કોકીલાબહેન જયંતિલાલ કડકીઆ (વલ્લભઘેલા) બ્લડ ડોનેશન કેમ્પ અન્વયે તા. ૮-૧૦-૧૧ના રોજ યોજેલ કેમ્પમાં ૧૨૨ બોટલ બ્લડ એકત્ર કરવામાં આવેલ.

**પ્રશસ્તિ પત્ર :** હોસ્પિટલમાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન મોતીયાનાં ઓપરેશન ૧૧૧૨ કરેલ છે. જે માટે 'રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ' કાર્યક્રમમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા બદલ સંયુક્ત નિયામકશ્રી (ઓપ્થ) કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગરના હસ્તે પ્રશસ્તિ પત્ર મળેલ છે.

શ્રી લાયન્સ કલબ ઓફ ધોબી તલાવ મુંબઈ, ચામડીના રોગોનો નિદાન કેમ્પ તા. ૮-૧૧-૧૧ તથા ૧૫-૧૧-૧૧ના રોજ યોજવામાં આવેલ જે અન્વયે ૬૦ દર્દીઓને તપાસી રાહત દરે દવા આપવામાં આવેલ છે.

તા. ૮-૧૧-૧૧ના રોજ શ્રીમતી કોકીલાબહેન વસંતભાઈ પરીખ (કુવાવાળા) માનસિક રોગ નિદાન કેમ્પ યોજવામાં આવેલ. જે અન્વયે ૪૫ દર્દીઓને તપાસી રાહત દરે દવા આપવામાં આવેલ છે.

**સાધના દાન :** શ્રી મહેશભાઈ ચીમનલાલ કડકીઆ (બનડા) તરફથી હોસ્પિટલમાં ઓટોમેટીક રીમોટ કન્ટ્રોલ સહિતનો હાઈટ્રોલીક પલંગ વીથ બેડ નંગ ૧, વ્હીલચેર નંગ ૧, માયોટ્રોલી નંગ ૧, તથા આઈ. વી. સ્ટેન્ડ નંગ ૧ સાધન દાનમાં મળેલ છે.

**- મંત્રીઓ રાજેન્દ્ર દેસાઈ(લાટવાળા), નિતીન પરીખ(બખલી)**

---

# દીકરી

એક છોકરી સાસરે વઈ ગઈ કાલની દીકરી આજ વહુ થઈ ગઈ
ગઈ કાલે જલસા કરતી, હવે સાસરિયાની સેવા કરતી થઈ ગઈ.
કાલની ડ્રેસને જીન્સ પહેરતી, આજે સાડી પહેરતી થઈ ગઈ
પ્યારમાં વહેતી ચંચલ નારી, સાસરે ધીર ગંભીર થઈ ગઈ
રોજ જલસાથી પૈસા વાપરતી, આજે શાકના ભાવ કરાવતી થઈ ગઈ.
ગઈ કાલ સુધી સ્કુટી ફુલ સ્પીડે ચલાવતી, આજે બાઈકમાં પાછળ બેસતી થઈ ગઈ
કાલ સુધી ત્રણ ટાઈમ જમતી, આજે ત્રણ ટાઈમ જમવાનું બનાવતી થઈ ગઈ.
હંમેશા પોતાનું ધાર્યુ કરતી, આજે પતિનું માનતી થઈ ગઈ.
મા પાસે કામ કરાવતી, આજે સાસુનુ કામ કરતી થઈ ગઈ.
બેન સાથે લડતી, નણંદ સાથે મજાક કરતી થઈ ગઈ
ભાભી સામે હુકમ કરતી, જેઠાણીને આદર કરતી થઈ ગઈ
પિતાનું આંખનું પાણી, સાસરાના ગ્લાસનું પાણી બની ગઈ.
અને તો પણ લોકો કહે છે કે અમારી દીકરી તો સાસરામાં, લહેર કરતી થઈ ગઈ.

**- નિપુર્ણા દોશી, ધારા દોશી**

## શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

દર વર્ષે મંડળ દ્વારા શ્રીમતી હંસાબહેન પ્રવિણચંદ્ર કડકિયા તથા શ્રીમતી રૂપલ પ્રદિપ કડકિયા પુરસ્કૃત TALENT APPRECIATION SCHEME યોજના અન્વયે વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના બાળકો, યુવાનો, યુવતીઓ તેમજ કોઈપણ ઉંમરની વ્યક્તિઓ જેમણે શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં (Achievements in the field of Fine Arts, Music, Dance, Singing, Acting, Sports, Litereture etc.) નજીકનાં ભુતકાળ તેમજ ચાલુ વર્ષ દરમિયાન પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું વાડસોલ ગૌરવનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવે છે.

વાડાસિનોર વણિક જ્ઞાતિની કોઈપણ વ્યક્તિએ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપ્યુ હોય કે આવી કોઈ વ્યક્તિ આપની જાણમાં હોય તો તેઓની માહિતી આપ અમને અપી શકો છો. આ યોજનામા દશાનીમા વણિક જ્ઞાતિની બહેનો કે જેમણે પરજ્ઞાતિમાં લગ્ન કર્યા હોય તે તથા તેમના બાળકોનો પણ સમાવેશ કરવામાં આવશે. આ યોજના અંગેની વધુ માહિતી જાણકારી અંગે આપ મંડળની કારોબારી સમિતિના સભ્યોનો સંપર્ક સાધી શકો છો. સમાજનાં તેજસ્વી સિતારાઓને પ્રકાશમાં લાવી, તેઓને જાહેર સન્માન દ્વારા બિરદાવવા માટે અને આપણાં સમાજનું ગૌરવ વધારવા, આપ સૌને યોગ્ય માહિતી પાઠવવા જાહેર નિમંત્રણ.

### અનુકરણીય દાન

સહર્ષ જણાવવાનું કે ચાલુ માસ દસમ્યાન નીચે મુજબ દાતાઓ તરફથી દાન/ દાન વચન પ્રાપ્ત થયું છે.


- શ્રીમતી હસુમતી કનુભાઈ હરજીવનદાસ ગાંધી - તરફથી રૂા. ૨૬,૦૦૦/- (અંકે રૂા. છવ્વીસ હજાર પુરા)

- શ્રીમતી નીના નિકુંજ કડકીઆ (મલમ) તરફથી પુત્ર ચિ. રાહિલના લગ્ન પ્રસંગે રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂા. એક લાખ પુરા)

મંડળ દાતાઓનો હાર્દિક આભાર માને છે.

**માનદ્ મંત્રીઓ**
**શરદ નટવરલાલ દેસાઈ**
**મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**


શુભ પ્રસંગ
જે જે શ્રી ગોકુલેશ
શુભ પ્રસંગ





**આપણે ત્યા રૂડો અવસર આવ્યો છે.**
**તો જરૂર થી સંપર્ક કરો**

**નિરવ ફોટો આર્ટસ**

**હર્ષદ પારેખ / નિરવ પારેખ**
ફોન. ૯૮૨૧૩ ૭૯૭૭૯ / ૨૮૯૫ ૯૭૭૩ / ૯૩૨૨૫ ૧૫૩૫૧

લેટેસ્ટ ટેક્નોલોજી દ્વારા સુંદર
ડિઝીટલ ફોટોગ્રાફી / ડિઝીટલ વિડીઓ શુટિંગ

સુંદર કલાત્મક રીતે મોડલીંગ ફોટોગ્ગ્રાફી તેમજ લેટેસ્ટ સ્ટાઈલ. ફોટો લેમીનેશન / ડિઝીટલ આર્ટવક/ જૂના ફોટા ઉપરથી ડીઝીટલ નવા ફોટા બનાવી આપશું તમારી વિડીયો કેસેટ ઉપરથી - બનાવી આપીશું તુરંત અને ઝડપી સર્વિસ તમારી કંપનીના આઈ.ડી. કાર્ડ તેમજ તમારા પ્રોડકટ ફોટોગ્રાફી કરી આપશું

**સી- ૧૩ સીસ્કીટા નગર, સી.એસ.રોડ,**
**દ્હિસર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૮**
હેમેન્દ્રભાઈ શાહ / રાજનભાઈ કડકીઆ ના સૌજન્ય થી

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ

## મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત મંડળના મેડીકલ સેન્ટર માટે કોમ્પ્યુટર અને એકાઉન્ટસના અનુભવી તથા અંગ્રેજી સારુ બોલી શકતા હોય એવા સ્ત્રી/ પુરુષની જરૂર છે. સંપર્ક સાધવા. યોગ્ય લાગશે તો નોકરી પર રાખી શકાશે. બાયોડેટા લખીને મેડીકલ સેન્ટરની ઓફીસમાં મોકલવો. મેડીકલ અથવા પેરામેડીરલની જાણકારી હશે તો વધારે સારુ.

ફેબ્રુઆરી ૨૦૧૨માં લીપીડ પ્રોફાઈલનો કેમ્પ રાખવામાં આવ્યો છે. જેની વિગતો આગામી અંકમાં આપવામાં આવશે.

**- ડૉ. અક્ષય સેવક**

**મંત્રી - શ્રીમતી સોહીણી કડકીઆ,**

**શ્રી પરેશ આર. પરીખ**

## શ્રી બાલાસિનોર સેવા સમાજ

આ વર્ષે બાલાસિનોર ખાતે બનાવેલ ચ્યવનપ્રાસ નીચે મુજબની જગ્યાએ મળશે. (અડધો અને એક કિલોના પેકીંગમાં)

**રૂા. ૨૨૫.૦૦/- બસો પચ્ચીસ પુરા ૧ કિલોનાં**


૧) **બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી.**
ટે. નં.- ૨૩૮૮૭૭૮૯ / ૨૩૮૮૬૧૧૮

૨) **એકલેન્ટ સર્વીસીસ**
**શ્રી શશીકાંત ઓ. ધારીઆ (લાલખાં)**
૧૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઈ - ૩
ટે. ન.- ૨૩૪૨૭૬૨૦

૩) **ઈન્ટર સ્ટેટ એજન્સીસ**
**શ્રી રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ**
૫૯, બાબુ ગેનુ રોડ, ઓફ કાલબાદેવી રોડ, મુંબઈ-૩
ટે. નં.- ૨૨૦૬૯૧૯૬


# Indian Photo





**Manu Mamtora**

**Specialist in :**

Video Shooting & Digital Photography,
Digital Shooting,
All Kinds of Colour Photography.

Resi :
204, Hinal Residency, Dahanukrwadi,
Datta Mandir Road, M.G.Road,
Kandivali (W), MUMBAI - 400067

**Resi : 28699141 - M : 9819789634**



જે જે શ્રી ગોકુલેશો

## લગ્નગીતો, સંગીત સંધ્યા તથા પ્રાર્થના સભા માટે

## સંપર્ક સાધવો

**ભરત ડોસા : ૯૨૨૧૩૧૮૩૩૩**

**રણજીત : ૯૮૨૧૧૭૨૨૨૩**

**મિના : ૯૨૨૧૧૬૫૫૫૨**

**Email : ranjeetdossa@yahoo.com**
**www.rhythmicgroup.com**

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

## ઉત્સવોનો ઉત્સવ શ્રી ફાગણ ઉત્સવ

શ્રી વાડાસિનોરના દસાનિમા વૈષ્ણવો,

સર્વેને જય જય શ્રી ગોકુલેશ.

ઉપરોક્ત ગોકુલેશ સમાજ વર્ષોથી ઉત્સવોનું આયોજન કરે છે. આ વર્ષે પણ શ્રી ફગવાનું આયોજન અનેરા ઉત્સવથી કરવા વિચાર્યુ છે.

# શ્રી ફગવા ઉત્સવ

**સં. ૨૦૬૮ ના ફાગણ સુદ ૩ ને શનિવાર તા. ૨૫-૨-૨૦૧૨ના દિવસે આ ઉત્સવ ઉજવવામા આવશે.**

**સ્થળ :-**

શ્રી માધવબાગ, સી.પી.ટેન્ક, મુંબઈ - ૪૦૦૦૦૪

## મનોરથી :

આ ઉત્સવના ભાગ્યશાળી મનોરથી રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરાવાલા) તથા તેમનો પરિવાર છે.

## રંગે રસીયા :-

શનિવાર તા. ૨૫-૨-૨૦૧૨ બપોરે ૩.૩૦ કલાકે મનોરથીના નિવાસ સ્થાન સમીર રમેશચંદ્ર દેસાઈ,
૨૧૦૪ શ્રીમતી આરકેડ એ.કે.માર્ગ, ગોવાલીયા ટેંક, મુંબઈ - ૩૬

## કળશનો વરઘોડો

**તેજ દિવસે સાંજે ૬.૧૬ કલાકે સત્સંગની રૂમ અમૃતવાડી, વી.પી.રોડ, થી વરઘોડો નીકળી માધવબાગ જશે.**

## શ્રી ફગવા મનોરથ

આ પ્રસંગે સાંજે ૭.૩૦ કલાકે મનોરથીનું તેમજ તેમના કુટુંબીજનોનું સમાજ તરફથી સન્માન કરવામાં આવશે.
તેજ દિવસે સાંજે ૭.૪૫ કલાકે બાલાસિનોરના સમસ્ત વૈષ્ણવોને સહકુટુંબ સહ પરિવાર
માધવબાગમાં પ્રસાદ સેવા અમારૂં ભાવભીનું આમંત્રણ છે.
તો આપ મુંબઈ તથા પરાવાસી બધાજ દશાનિમા વૈષ્ણવો બંને સત્સંગ મંડળના બહેનો તથા
આમંત્રિત સ્વજનોને ફરી ફરીને વિનંતી કરીએ છીએ કે પ્રસાદ લેવા જરૂરથી પધારશો.

***લી. શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજવતી.***

***શ્રી બીપીન કીરતનલાલ દોશી મંત્રી***

**તેમજ મનોરથી**

**રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરાવાલા)**

## શ્રી ગોકુલનાથજી મંદિર બાલાસિનોર ગૌશાળાની કાયમી મીતી માટે નીચે મુજબ દાતાશ્રી તરફથી રૂા. ૭,૫૦૦ મળેલ છે.

૧) ચંદનબહેન ઓચ્છવલાલ મોદી (કારકુન)
૨) આશાબહેન વિરેન્દ્રભાઈ ગાંધી (સુરતી)
૩) જીતુભાઈ કાંતિલાલ મોદી
૪) શશીકાંત ચીમનલાલ ધારીઆ (દલાલ)
૫) હીરાલાલ મણીલાલ પરીખ (ડાબલી) (હ. કોકીલાબહેન)
૬) નવનીતલાલ કોદરલાલ શાહ (આહોડી)
૭) પ્રેરક પ્રણવકુમાર દોશી
૮) સુર્યાબહેન રમેશચન્દ્ર શાહ (હાથીખાનાવાળા)
૯) કલાબહેન રમણલાલ ધારીઆ (શહેરાવાળા)
૧૦) બાબુલાલ મણીલાલ કડકીઆ (વલ્લભઘેલા)
૧૧) મંજુલાબહેન નવનીતલાલ પરીખ (બખલી)
૧૨) ઉર્વશીબહેન દિનેશચંદ્ર મોદી
૧૩) મણીબહેન વલ્લભદાસ નાથજીભાઈ ગાંધી
૧૪) શીલ્પાબહેન (શીલા)નવનીતલાલ શાહ (ખડગોધરાવાલા)
૧૫) વિજયકુમાર નવનીતલાલ મહેતા (પટપટી)
૧૬) હરેન્દ્ર ચીમનલાલ મોદી
૧૭) દિપક રતીલાલ મહેતા (પડાલવાળા)
૧૮) ઈન્દુમતી ચીમનલાલ શાહ (નગરશેઠ)
૧૯) પ્રતીકકુમાર ચીમનલાલ કડકીઆ (બનડા)

**લી. જગદીશ ધારીઆ**

## શ્રી ગ્રામ સેવા સમાજ બાલાસિનોર કાંતિલાલ પરીખ પબ્લીક પાર્ક

ઉપરોક્ત પાર્કમાં નૂતન વર્ષના દિવસે સ્નેહ મિલન યોજવામાં આવ્યું હતું. મુંબઈથી પધારેલા તથા સ્થાનિક ભાઈ બહેનોની હાજરીમાં આ પર્વ ઉજવાયું હતું. પાર્કના નિભાવ અને વિકાસ માટે અને વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં મળેલ દાનની યાદી પ્રગટ કરવામાં આવી હતી. આ અપીલના પ્રતિસાદ રૂપે નીચે મુજબ દાન મળેલ છે.

**રૂા. ૫,૦૦૦/-ના દાતાઓ**

- તારાબહેન નટવરલાલ દેસાઈ - હસ્તે સતીશભાઈ દેસાઈ(ઉપરોક્ત રકમ દિવાળી અગાઉ મળી હતી)
- રમેશચંદ્ર કાંતિલાલ મોદી (શહેરાવાળા)
- અન્નપુર્ણા ફાર્મસ પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ
- વિજયકુમાર નવનીતલાલ મોદી (પટપટી)
- હરેન્દ્ર ચીમનલાલ મોદી
- વિનીત અને ઉર્વીશ રસિકલાલ મોદી (દેવ)

**રૂા. ૨,૦૦૦/- ના દાતાઓ**

- પ્રમોદકુમાર નટવરલાલ દોશી.
- પુનમચંદ ભીખાલાલ પરીખ (રોકડીઆ)
- ડૉ. શિવુભાઈ એમ. પટેલ (બાલાસિનોર)
- કીર્તનલાલ મગનલાલ પરીખ - હસ્તે ભરતભાઈ

**રૂા. ૧,૦૦૦/-ના દાતા**

- જીગર મણિકાંત કડકીઆ

સહુ દાતાઓનો આભાર

**લી. રજનીભાઈ શાહ (ઠાસરાવાળા) મંત્રી**

## શ્રી ગ્રામ સેવા સમાજ સંચાલિત

**શ્રી કાંતિલાલ પરીખ પબ્લીક પાર્ક બાલાસિનોર**

આપ શ્રી કાંતિલાલ પરીખ પબ્લીક પાર્કના નિભાવ અને વિકાસ માટે કરેલી છેલ્લી અપીલના પ્રતિસાદ રૂપે આપનો સુંદર સહકાર મળ્યો છે. વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ ૨૦૧૧-૧૨માં મળેલા ડોનેશનની યાદી આ સાથે છે. પાર્કમાં નિભાવ, વિકાસ અને રીપેરીંગ માટે કાયમ ખર્ચ વધતો જશે પણ છેલ્લા ૭ વર્ષમાં અવારનવાર અપીલના પ્રતિસાદમાં દાન આપી જે સાથ સહકાર આપ્યો છે તે બદલ સહુ દાતાઓનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. પાર્કના પહેલા ગેટનું હાલ રીનોવેશન ચાલે છે અને બીજા ગેટનું કરવામાં આવશે. પાર્કમાં મકાન પણ જર્જરીત થવા આવ્યું છે. પાર્કની ચારે બાજુની બાઉન્ડ્રીમાં પણ અમુક સાઈડ બાકી છે. દાતાઓને પ્રેરણા મળે તો ડોનેશન આપેલ / ના આપેલ ભાઈ-બહેનો અમારા કાર્યકર્તાઓનો સંપર્ક સાધશો.

બાલાસિનોરની સ્થાનિક જનતાને પણ ખાસ વિનંતી કે આપ આપનો અમૂલ્ય ફાળો જરૂર આપશો. શ્રી સુરેન્દ્રભાઈ  રતિલાલ પરીખ મામા શ્રી નગીનદાસ પારેખ અને પિતાશ્રી રતીલાલ પરીખના નામે ગેટના રીનોવેશ માટે અને શ્રી નવીનભાઈ શાહ (મેનપુરાવાળા) તથા તેમના સ્નેહીજનોના સહકારથી પાર્કમાં વોકવે, ફુવારો, લાઈટો વિ.નું નિર્માણ કરી પાર્કની શોભામાં વધારો કર્યો છે. નૂતન વર્ષના ફરીથી અભિનંદન સાથે.

**નોંધ :-** જે ભાઈ બહેનો બાલાસિનોક જાય, તેમને પાર્કની મુલાકાત લેવાનું આમંત્રણ છે અને આપના કાંઈ સૂચનો હોય તો મોકલવા વિનંતી આ સાથેની યાદીમાં શરતચુકથી કોઈ દાતાનું નામ રહી ગયું હોય તો કાર્ય કર્તાઓનો સંપર્ક સાધવો. રૂા.૧૧,૦૦૦, કે વધુ રૂા. ૨૫૦૦૦, સુધી ના દાતાઓની તકતીમાં નામ રહી ગયું હોય તો પણ સંપર્ક સાધવા વિનંતી.

**લી. શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા) મંત્રી ગ્રામ સેવા સમાજ તથા શ્રી કીર્તનભાઈ પારેખ શ્રી મણિકાન્ત કડકીઆ, શ્રી રાવજીભાઈ બી. પટેલ (બાલાસિનોર) અને મુંબઈના : શ્રી મોનભાઈ પરીખ (લાય), શ્રી રસીકભાઈ મોદી (દેવ), શ્રી રજનીભાઈ લટકારી, શ્રી વસંતભાઈ પરીખ, શ્રી કીર્તીભાઈ કડકીયા (લટકારી), શ્રી પ્રવિણભાઈ (દેડકી), શ્રી જગદીશભાઈ પરીખ (પ્લમ્બર્સ), શ્રી કાર્તીકભાઈ કડકીઆ, શ્રી યોગેશભાઈ ધારીઆ, શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ (લાટવાળા)**

Rashesh Parikh

**ISHY CREATION**

Manufacturer of
Gold & Diamond Jewellery

12, Mangal Bhavan, Old Nagardas Road,
Andheri (East), Mumbai - 400 069.

**Ph. (O) 26890476 (R) 26840205**
**(M) 9821117788**

# ખેડા જીલ્લાના એક માત્ર આદિવાસી ગામ વેરાસાના આદિવાસીઓના ઉત્થાન અને શિક્ષણ વિકાસની પ્રવૃત્તિ

બાલાસિનોર તાલુકા મથકની ૩ કી.મી. દૂર આવેલ ખેડા જીલ્લાના એક માત્ર આદિવાસી ગામ વેટાસામાં આશરે ૯૦ જેટલા આદિવાસી કુટુંબો વસે છે. સને ૧૯૯૦ સુધી એટલે કે આઝાદીના ૪૦ વર્ષ સુધી આ ગરીબ આદિવાસીઓના ઉત્તાન માટે કે, તેમના બાળકોના શિક્ષણ માટે કોઈ વ્યવસ્થા નહી હોવાથી અભણ, અજ્ઞાન અને જીદી સ્વભાવના આદિવાસીઓ કુરિવાજો, વ્યસની, કુટેવો સાથે બિલકુલ પછાત હતા.

સને ૧૯૯૨માં અહી એક ધોરણની પ્રાથમિક શાળા સર્વોદય કાર્યકર શ્રી કિશનભાઈ ત્રિવેદીના પ્રયત્નોથી શરૂ થઈ હતી. સર્વોદય યોજનાનો લાભ આ વિસ્તારને મળતો શરૂ થયાને થોડાક જ સમયમાં બંધ થતા સ્વ.મંગળદાસ માટલી. સ્વ નટવરભાઈ મોદી, જનસાથીએ આ વિસ્તાર માટે કાર્ય કર્યુ હતુ.

સને ૧૯૯૫માં અમો શ્રી નવનીતલાલ મણીલાલ શાહ (જાટ)એ મુંબઈથી ધંધાકીય નિવૃત્તિ લઈ વતન બાલાસિનોરમાં આવેલ. સામાજીક સેવાકીય પ્રવૃત્તિ શરૂ કરવાના હેતુથી સને ૧૯૯૬માં ૭૦ વર્ષની ઉંમરે આદિવાસી વિસ્તાર વેરાસામાં સેવા કાર્યની શરૂઆત કરી હતી. પ્રારંભમાં આદિવાસીઓના ભાંગેલા, તુટેલા છાંપરાંઓ, શરીર પર ઓછા વસ્ત્રો, ભુખ, અંધશ્રદ્ધા વિગેરે જોઈ હૃદય દ્રવી ઉઠયું. શરૂઆતમાં આદિવાસીઓના છાંપરા રીપેરીંગ કરવા, નવા બનાવવા, ગરમ ધાબળા, સાડી, ધોતી, કપડાં વહેંચાયા, અનાજ વહેંચ્યા. ગરીબ આદિવાસીઓને દાળ ભાત, શાક, મિષ્ટાન સાથેનું ભોજન વર્ષમાં ત્રણ ચાર વખત આપતાં હતા. આ કાર્યમાં શ્રી ગોપાલભાઈ પરીખ (તાતીયા)નો દાનરૂપી સહકાર મળ્યો હતો.

આ વિસ્તારની યોજનાબદ્ધ સેવા થાય, શિક્ષણ મળે તે માટે સને ૧૯૯૮માં મહાતમ્ા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટની રચના કરવામાં આવી અને તેના પ્રમુખ તરીકે ટ્રસ્ટીઓના સહકારથી સેવાઓ વિસ્તારી છે. સૌ પ્રથમ ગરીબ આદિવાસીઓના સુવિધાયુક્ત રહેઠાણ માટે સરકારી કચેરીઓ, રાજ્યના મંત્રીશ્રીઓને મળી સૌના સહિયારા પુરૂષાથથી ૩૭ સરદાર આવાસો મંજૂર થયા, ત્યારબાદ બીજા ૧૪ સરદાર આવાસો મળતાં ૯૦ આદિવાસી કુટુંબમાંથી ૫૧ કુટુંબો ભાગ્યા તૂટેલા ઝુંપડાને તિલાંજલી આપી પાકા સરદાર આવાસમાં નિવાસ કરે ચે. જીલ્લા આયોજન મંડળના સહકારથી સ્થાનિક ધારાસભ્યશ્રીની મદદથી વેરાસામાં વિજળીની દિવા ઝબુક્યા.

ગરીબ આદિવાસી બાળકોના પ્રારંભિક શિક્ષણ માટે બાલવાડી શરૂી કરવા માટે પ્રસ્તને કરતા દાતા શ્રી રસિકલાલ લાકડાવાળાના રૂા. ૨,૫૦,૦૦૦/-ના માતબર દાનથી ખેડા જીલ્લાની બેનમુન સુવિધાયુક્ત 'કુસુમ બાલવાડી'નું સર્જન થયું. જેની પાયાની ઈંટ તત્કાલિન જીલ્લા કલેકટર શ્રી ભાગ્યેશ જહાંએ મુકી હતી. લાયન્સ સલબ ઓફ ધોબી તળાવ-(મુંબઈ) એ કુસુમ બાલવાડીના નિભાવ માટે ટ્રસ્ટ બનાવી દર વર્ષે નિભાવમાં મદદ કરે છે. બાકીનો ખર્ચ અમારૂં ટ્રસ્ટ ઉપાડે છે. આ દરમિયાન ગરીબ આધિવાસીઓને મદદ માટે દાનની ટહેલ નાંખતાં દાતાશ્રીઓ, સખાવતી ટ્રસ્ટો

તરફથી કપડાં, વાસણ, ફર્નીચર, ચંપલ, રોકડ રકમની સહાય મળતાં તેનું વિતરણ આદિવાસી પરિવારોને કરવામાં આવતું હતું.

બાલાસિનોર વતની કીરીટભાઈ વલસાડવાળાની અમેરિકા સ્થિત દિકરી મોનિકાના લગ્ન ઈથેન કોહેન સાથે થતાં તેઓના લગ્નમાં ચાલ્લો -ભેટને બદલે વેરાસાના આદિવાસીઓને મદદરૂપ થવા રકમ આપવા માટેની વિનંતી કરતા તેમના તરફથી મળેલ રકમમાંથી રૂા. ૨,૫૦,૦૦૦/-ના ખર્ચે 'મોનિકા ઈથેન' કોમ્પયુનિટી હોલનું નિર્માણ થયું છે. પ્રાથમિક શાળાના બાળકો માટે જે ખૂબ ઉપયોગી બન્યો છે.

વેરાસાના આદિવાસી બાળકોને શિક્ષણની વધુ સુવિધા મળે તે માટે કુસુમ બાલવાડી અને જીલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળામાં છેલ્લા ૧૧ વર્ષમાં નીચેની સગવડો ઉપલબ્ધ કરી છે.

૧) સુવિધાયુક્ત પાકા બાંધકામવાળી કુસુમ બાલવાડી. (૨) બોરવેલ સહિત હેન્ડપમ્પ અને પાણીની ટાંકી. (૩) બોરવેલ સહિત સબમર્સિબલ મોટર. (૪) બેન્ચીસ નંગ-૫૦, સેલો ખુરશી-૫૦, ટેબલ-૩. (૫) RCC બાંધકામ સાથેનો રસોડા રૂમ (કીચન). (૬) રાંધણ ગેસ સહિત રસોડાના તમામ વાસણોનો સેટ. (૭) કોમ્પ્યુટર સેટ. (૮) કલર ટીવી અને ડીવીડી. (૯) સ્ટીલ તિજોરી નંગ- ૭ (૧૦) બાલ ક્રિડાંગણ (૧૧) રમત ગમતના સાધનો (૧૨) સંગીતના વાંજીત્રો, માઈક સેટ. (૧૩) મુખ્ય પ્રવેશ દ્વાર (૧૪) પ્રવેશ દ્વારથી પરિસરમાં પાકો RCC શેડ. (૧૫) શાળા પરિસનો પત્થરનો ૪૦૦ મીટર ઉપરાંતની કમ્પાઉન્ડ વોલ-દિવાલ (૧૬) આર.સી.સી. બાંધકામવાળો સગવડો સાથેનો મોનિકા ઈથેન કોમ્પ્યુનિટી હોલ. (૧૭) પારૂલ સંસ્કાર મંદિરના આર.સી.સી. પાકા બાંધકામવાળા ચાર ઓરડા તથા પ્રથમ માળે પ્રાર્થના હોલ. કુલ રૂા. ૨૧,૬૬,૦૦૦/- અંકે રૂપિયા એકવીસ લાખ છાસઠ હજાર પરાની રકમ દાતાઓએ ખર્ચી છે. તેમજ (૧) દર વર્ષે પ્રાથમિક શાળાના તમામ બાળકોને બે જોડ ગણવેશ (યુનીફોર્મ)નું વિતરણ. (૨) શાળાના તમામ બાળકોને રબ્બર, પેન્સિલ, કમ્પાસ, નોટબુક, દફતર, વિગેરે શૈક્ષણિક સાધનોનું વિતરણ. (૩) દર માસે બે વખત મિષ્ટાન સાથેનું ભોજન શાળા બાલવાડીના બાળકોને આપવામાં આવે છે.

આ શૈક્ષણિક સગવડો માટે દર વર્ષે રૂા. ૧,૨૫,૦૦૦/- ઉપરાંતનો ખર્ચ ટ્રસ્ટ કરે છે.

ટ્રસ્ટની પ્રવૃત્તિથી ગરીબ આદિવાસીઓમાં શૈક્ષણિક વિકાસ થયો છે. જીવન ધોરણ સુધર્યું છે. જેમાં સને ૧૯૯૬માં ૬૫ બાળકો શાળામાં હતા અને એક શિક્ષક હતા. સને ૨૦૦૯માં ૧૭૮ બાળકો અને ૬ શિક્ષકો શાળામાં છે. બાલવાડીમાં ૩૦ બાળકો છે. આદિવાસીઓ હવે શરીરે પુરા કપડા, સારા કપડા પહેરે છે. તેમજ ધોરણ ૮ થી ૧૨ સુધી અભ્યાસ કરવા જાય છે. આદિવાસીઓ માટે અમારી પ્રવૃત્તિ આશીર્વાદરૂપ છે. પરંતુ તેઓનું જીદી વલણ, સામાજીક સંસ્કૃતિમાંથી બહાર નહિ નીકળવાની વૃત્તિને લઈને કેટલાંક ધાર્યા પરિણામો મેળવવા હજી પણ સમય લાગશે.. જો કે ગરીબ આદિવાસીઓના બાળકો શિક્ષણ મેળવી સંસ્કારી બન્યા છે. તે આ સેવા યજ્ઞની એક સફળતા કહી શકાય. આમ ગરીબ, અજ્ઞાન, પછાત આદિવાસીઓની માનવ

ગરીમા વધારવાનો નમ્ર પ્રયાસ મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટે અને ટ્રસ્ટીગણે પ્રમાણિકપણે કર્યો છે.

(૨) મફક અનાજ, જીવન જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ (ગરીબ કાર્ડ):

મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ વેરાસાની મફત અનાજ વિતરણ (ગરીબ કાર્ડ)ની યોજનામાં બાલાસિનોર નગરના અને નગરની આસપાસના ગામડાઓમાં વસતા તદ્દન ગરીબ કુટુંબોને જીવન જરૂરી ચીજવસ્તુનું તદ્દન મફત વિતરણ કરી ગરીબોને સહાય કરવામાં આવે છે. દરેક કાર્ડ હોલ્ડરની પૂરેપૂરી તપાસ કરી તેને એક કાર્ડ આપવામાં આવે છે. ગરીબ હોય, વિધવા, ત્યકતા હોય અને આવક ના હોય તેમજ સહાય મેળવવા લાયક હોય તેઓને દર માસે નક્કી કરેલ તારીખ-દિવસે જીવન જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે.

૩૦૦ ગરીબ કુટુંબોને આ યોજનાના કાર્ડ આપેલ છે. દરેક કાર્ડ હોલ્ડરને દર માટે નિયમિત ચોખા બે કિલો, બાજરી ૩ કિલો, ઘઉં બે કિલો, ખાંડ એક કિલો, ચહા ૨૫૦ ગ્રામ, તેલ ૫૦૦ ગ્રામ, નાહવાનો સાબુ ૧, ધોવાનો સાબુ ૧, કપડા ધોવાનો વોશીંગ પાવડર એક કિલો આપવામાં આવે છે. આ ઉપરાંત દર વર્ષે એક વખત ચાદર, રૂમાલ, છત્રી, સ્ત્રી-પુરુષોને જોડ કપડા, વાસણ, ગરમ ધાબળા, ચંપલનું પણ વિતરણ કરવામાં આવે છે. દર માટે ૩૦૦ કુટુંબોને જુદી જુદી વસ્તુઓનું આઠ વખત વિતરણ કરવામાં આવે છે. જે ખૂબ જ શિસ્તબદ્ધ થાય છે. વિતરણમાં કોઈ ભ્રષ્ટાચાર થતો નથી પરંતુ જાતે ચીજ વસ્તુઓની ખરીદી થતી હોઈ કરકસર કરી ગરીબોને ફાળે વધુ મળે તેવું સ્વયં આયોજન થાય છે. જીવન જરૂરી ચીજવસ્તુઓના તદ્દન મફત વિતરણ માટે અત્યાર સુધી દાતાશ્રીઓનો ઉમળકાભેર સહકાર મળ્યો છે.

માસિક રૂા. ૩૦૦/- અને વાર્ષિક રૂા. ૩,૬૦૦/- પુરાની એક કુટુંબને સહાય આ યોજનાથી થાય છે. આ યોજનાથી વાર્ષિક રૂા. ૧૦ લાખ ઉપરાંતની મદદ સહાય ગરીબોને મળે છે. જે ગરીબોના જીવન ધોરણને ટકાવી રાખવા ગરીબ વ્યક્તિ, ગરીબીના કારણે અન્ય ખોટા રસ્તે, કુટેવે ના ચઢે તે માટે ઉપયોગી બને છે.


**ફોન : ૨૩૬૩૨૬૦૮/ ૨૩૬૭૬૩૯૭**

**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ**

**આયોજિત**

**અ.સૌ. લીલાવતી કિરીટભાઈ કડકીયા**

**(ફાડિયા)**

**સ્મૃતિ ભક્તિ સંધ્યા**

આત્મપ્રિય ભાઈશ્રી/બહેનશ્રી,

સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ દ્વારા યોજાતી ઉપરોક્ત સ્મૃતિ ભક્તિ સંધ્યામાં નીચે જણાવેલ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરેલ છે.

**કાર્યક્રમ**

**સોમવાર તા. ૧૯-૧૨-૨૦૧૧**

**સમય સાંજે ૫.૩૦ થી ૭.૩૦ કલાકે**

**વક્તા : પ્રો. ધીરેન્દ્ર રેલીયા**

**વિષય :**

**'માતૃત્વ... નારીજીવનનું સુવર્ણ શિખર'**

**સ્થળ :** પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન,
સ્વામીશ્રી પ્રેમપુરીજી ચૌક, બાબુલનાથ રોડ,
મુંબઈ - ૪૦૦૦૦૭

**નિમંત્રક**

**શ્રી કિરીટભાઈ ભીખાલાલ કડકીયા**

**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ**

**પરિવાર ટ્રસ્ટીગણ**

સર્વને સપ્રેમ આમંત્રણ છે.

## તમે ઉદાસીનતાનું સિંચન કરી રહ્યા છો ?
## ડીપ્રેસન

નાની વયે પતિ કે પત્નીનું અવસાન થવું ? છોકરાઓ ત્રીસ વટાવે ત્યાં સુધી યોગ્ય પાત્ર નમળવું, બાળક અપંગ જન્મવું કે આવી કોઈ ઘટના જીવનમાં બને પછી શું ? માનવીને ઉદાસીનતાની ખીણમાં લઈ જાય છે.

પંચરત્ન બિલ્ડીંગમાંથી ૪થે માળે એક અઠયાવીસ વર્ષની વયે મુરતીયો ન મળતા આપઘાત કર્યો. મોરારજી દેસાઈ સુરતના મમ્યુનીસીપલ ઈલેકશનમાં હારી જવાથી તેની છોકરી યે આત્મહત્યા કરી. અમેરીકા જેવા દેશમાં ૬૦ ટકા થી વધુ લોકો હતાશામાં જીવે છે.

મનુષ્ય પોતાના જીવનમાં એકની એક ભુલનું સ્મરણ કર્યા કરે છે. જ્યારે રચનાત્મક હકારાત્મક બાબજને જલ્દી ભુલી જાય છે. રજનીશ ઓશો કહે છે આપ જ્યારે ભુતકાળમાં પ્રેમથી ભીજવાઈ ગયા હો, શારીરીક રીતે ચુસ્તતા મેળવી હોય એકદમ નિરવ શાંતીની અનુભુતિ કરી હોય તેવી ક્ષણો તમને ભાગ્યેજ યાદ હશે. પણ ક્રોધ, અશાંતિ, અપમાન, દુઃખની ઘટનાઓની યાદી બનાવવાનું કહેવામાં આવે તો લાંબુલચક લિસ્ટ તૈયાર કરી દેશો. જે વ્યક્તિ વારંવાર ધૃણાની વાત યાદ કરતો હશે તેની સાથે ધત્રૃણાભરી ઘટના બનશે જે તેવું જ ઉદાસીનતાનું પણ છે. ઉદાસીનતા ને યાદ કરવાથી ઉદાસીનતા ભરી ઘટનાઓ તમારો પીછો નહી છોડે. જીવનમાં વ્યકત થતા ભાવો સ્થાઈ બની જાય છે ચાહે હકારાતામક હોય કે નકારાત્મક.

ડીપ્રેસન દરમ્યાન માણસ કાસ્ય ગુમાવી બેસે છે કોઈ વસ્તુ ગમતી નથી, કોઈ સાથે વાતચીતમાં ધ્યાન સેતું નથી, વાંચન માટે રૂચી કોની હોતી નથી. એકાગ્રતા રહેતી નથી, એકલતામાં વધુ મુઝવણ અનુભવાય છે. આંખો બંધ કરી તેજ વિચારોમાં પડી રહેવું ગમે છે. કોઈવાર લોકોનું ભ્રમણ દૂભવવાથી પરસેવો થાય છે. પેટમાં સુતાવેત ફાળ પડે છે. જીવનમાં કંઈ ખોટ કે ખોટું થયું છે તેવો સતત ભાષ થાય છે. તો કેટલાક ઉઘની ગોળી કે ડોકટર તરફ વળે છે.

જીવનમાં ક્યારે કેતો દુઃખ કે ન ગમતી ઘટના બનવાની જ છે. પણ આવી ઘટનાઓને વિસરી જઈયે. જીંદગીમાં તેનું કોઈ મુલ્ય નથી. આવી ક્ષણોને પાનખરની જેમ ખેરવી દઈયે. જ્યારે સાર્થક, જીવંત ક્ષણોનું સતત સ્મરણ કરતા રહીયે.

આપણા ગામમાં ખ્યાતનામ કુટુંબમાં તેની જુવાન છોકરી ૨૨ વર્ષની વયે મરણ પાની છએક મહીના પછી બન્ને ભેગા થઈ એક દિવસ નક્કી કર્યુ કે બાકીનું જીવન તો જીવવાનુંજ છે તો હવે હસીને આનંદમય ગુજારીશું કે દુઃખનું સ્મરણ કરીને ? ત્યાર બાદ બન્ને એ ખુબ સારી રીતે આનંદમય જીવન વિતાવ્યું.

આપણને કોઈ હીરા આવ્યા હોય અને તમે તેને જીવનમાં સાચવો તેવી જ રીતે મુલ્યવાન અનુભૂતિઓનું જતન કરવું જોઈએ. આવા વિચારોને આપણા જીવનમાં સ્ફુરણા પ્રાપ્ત થઈ હોય, શ્રેષ્ઠતા તરફ લઈ ગયા હોય તેવા વિચારો-અનુભુતિઓની ખુબ કાળજી પુર્વક સંભાળી રાખવા જોઈએ.

**- લી. શૈલેષ કે. દેસાઈ(ભારતકોર્યાન)**

**શ્રી રજનીકાંત ઓચ્છવલાલ કડકીઆ**
**(ખીસાદાર)**

### સ્મૃતિ ભજન સંધ્યા

તારીખ : ગુરૂવાર ૫-૧-૨૦૧૨
સમય : સાંજે ૫.૧૫ થી ૭.૩૦

**ભક્તિ સંગીત - ગાયત્રી કાંમત**

વક્તા : કુ. હેમાંગીની જાઈ
વિષય : આજ મારા મંદિરીયામાં મ્હાલે શ્રીનાથજી

**નિમંત્રક : મિનાક્ષીબહેન ર. કડકિયા**

## વાડાસિનોર પ્રગતિ સમાજ
## કો. ક્રેડિટ સોસાયટી લી.

માનનીય શેર હોલ્ડર ભાઈઓ, બ્હેનો

'સીલ્વર જ્યુબીલી ગીફટ વાવચરો' જે શેર હોલ્ડર ભાઈ બહેનોના બાકી હોય તેઓએ સંસ્થાના ઓફીસ સમય દરમ્યાન મેળવી લેવા વિનંતી.

ગીફટ લેવામાં શેર હોલ્ડર ભાઈઓ, બ્હેનોને તકલીફ પડી હોય તો તે બદલ દીરગીર વ્યકત કરીએ છીએ.

**લી. મંત્રી**

**શ્રી વાડાસિનોર પ્રગતી સમાજ કો.ઓ. ક્રેડિટ સો.લી.**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

## શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)

# નોટબુક રાહત યોજના

## મનોજભાઈ - અમરીશભાઈ કચેરીયા કન્સેશનલ નોટબુક યોજના

દર વર્ષ મુજબ ચાલુ વર્ષે રાહત દરે (સસ્તા દરે) નોટબુકનું વેચાણ કરવામાં આવશે.

નોટબુક છપાવવા માટે ટેન્ડર મંગાવવામાં આવેલ છે. ઈચ્છુક નોટબુક ડીલરોને વિનંતી કે સંયોજકનો સંપર્ક કરે અને નોટબુક વિષે માહિતી મેળવી લે. તેઓએ પોતાની ઓફર "Sealed" કવરમાં સંસ્થાની ઓફીસમાં જમા કરાવવાની રહેશે.

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક - સુનીલ મોદી (ઠાસરાવાળા) - ૯૮૨૦૧૨૦૬૪૯**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1) **Mahesh Chimanlal Kadakia (Banada)**
172, Mount Blanc., Dady Seth Hill,
August Kranti Marg, Mumbai - 400 036
Tel. No. 022 - 2363 2202

2) **Nilesh V. Kadakia**
8/B, 4th Floor, Utkarsh Building,
Girgoan Co.op. Hsg. Scoity
Tilak Nagar, Sardar Patel Road
Mumbai - 400 004
Ph. 23855860 (M) 9819217375

3) **Nutan Akshay Parikh (Bakhli)**
Shivani Gaurav Parikh
Lodha Bellissimo, A- Wing, 40 th Floor,
N.M. Joshi Marg, Mahalaxmi - 400 011
Ph. : 23059100
(M) : 9892778920

4) **Nitin Kirtanlal Mody**
Garden Grove Complex
C/1501, Clover Grove
Chikuwadi, Near Link Road,
Borivali (West), Mumbai - 400 092

5) **Dharmesh J. Shah**
204, Jai Sai Darshan
Rambaug Lane, Opp. Maulji Nagar,
Borivali (West), Mumbai - 400 092

6) **Anjana Kirti Modi**
J.K. Rehab Tower,
Flat No. - 2106, 21st Floor, A-Wing,
H. Goregaonkar Road, Gamdevi,
Mumbai - 400 007

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

## નવા ટેલીફોન નંબર

૧. **ઉષાબેન સુરેશચંદ્ર મોદી (ઠાસરાવાળા)**
૯૭૫૭૧૮૨૧૧૫

૨. **દક્ષેશ ગોપાલદાસ દેસાઈ** (ઘર) : ૨૮૩૩ ૭૯૦૬
મો. (દક્ષેશ દેસાઈ) : ૯૮૨૧૪૬૧૫૧૩
(ગીતા દેસાઈ) : ૯૮૧૯૬૯૬૫૨૧
(હિરેન દેસાઈ) : ૯૮૧૯૧૦૨૮૭૦

૩. **સીતા અરવિંદભાઈ પરીખ (બંગાડી)**
મો. ૯૧૭૨૩૩૭૪૪૭

## તેજસ્વી તારલાં

- **કુ. નિરિક્ષા અસીત પરીખ (રોકડીઆ)** S.Y.B.Com. માં ૮૬% ગુણ સાથે ઉર્ત્તીણ થયાં છે.
- **કુ. કૃતિ નિલેશ ત્રિવેદી** M.A. (Hons.) Degree માં ૬૮% ગુણ સાથે ઉર્ત્તીણ થયાં છે.
- **શ્રી કુશલ હિતેશ દોશી** M.B.A. (Finance) Degree માં ૬૮% ગુણ સાથે ઉર્ત્તીણ થયાં છે.

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| દીપ્તીબેન ઈલેશ કડકીયા (ટોકરશી) | ૪૬ |
| કુમુદબેન છબીલદાસ શેઠ | ૮૩ |
| સુર્યાબેન ઓચ્છવલાલ કડકીઆ (મરઘા) | ૮૩ |
| બીપીનકુમાર ચંદુલાલ શાહ (ઝાટ) | ૭૨ |
| કોકીલાબેન રમેશચંદ્ર ધારીઆ (લાલખા) | ૭૬ |
| વિજેન્દ્રભાઈ રસિકભાઈ ધારીયા (બલબલ) | ૬૭ |
| રાજેન્દ્રભાઈ મણીલાલ પરીખ | ૬૫ |
| શોભનાબેન કીરીટકુમાર પરીખ (ગુંથરીવાળા) | ૬૩ |
| ગીરીશભાઈ ઓચ્છવલાલ મોદી (કારકુન) | ૬૨ |
| કુસુમબેન મધુસુદન કડકીયા | ૭૮ |
| સુશીલાબેન બાબુલાલ મહેતા (ધરીવાળા) | ૮૪ |
| નવનીતલાલ ઓચ્છવલાલ ગાંધી (મેનપુરાવાળા) | ૮૧ |
| નિરંજન કેશવલાલ શાહ (ચટઈ) | ૭૭ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના**

**2nd Cover Page**





**3rd Cover Page**

